# CIMS Cancer Care

Volume-5 | Issue-56 | December 25, 2023 Price : ₹ 5/-



Marengo CIMS Hospital

CIMS
Cancer Care

Volume-5 | Issue-56 | December 25, 2023

# કેન્સર અને સેન્ટીનલ લીમ્ફ નોડ



## લીમ્ફનોડ શું છે ?

લીમ્ફનોડ શરીરનો ભાગ છે જે રોગ સામે લડવા માટે ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. લીમ્ફનોડ શરીરના અનેક ભાગમાં જેવા કે બગલ, ગળુ, છાતી, જાંઘ, પેટ વગેરે જગ્યાએ હોય છે. લીમ્ફ નોડ હાનીકારક તત્વો જેવા કે બેકટેરીયા, વાયરસ તથા કેન્સરના કોષોને રોકે છે અને તેની સામે લડવાની શકિતનું સંચાલન કરે છે.

કેન્સરના કોષો આ લીમ્ફનોડમાં પકડાય છે અને તેના દ્વારા ફેલાય પણ છે. કેન્સરના ફેલાવમાં લીમ્ફનોડ અગત્યનો ભાગ ભજવે છે. કેન્સર જયારે લીમ્ફનોડમાં ફેલાય છે ત્યારે, કેન્સરનું સ્ટેજ બદલાય છે, કેન્સર આગળ વધેલું કહેવાય છે.

## લીમ્ફનોડમાં કેન્સર

જયારે લીમ્ફનોડમાં કેન્સર ફેલાય ત્યારે તે ખરાબ સમાચાર છે આનો અર્થ એ થાય કે કેન્સર તેના ઉદ્‌ભવ સ્થાનથી બીજે ફેલાવા માંડયું છે . હવે તે બીજા અંગોમાં પણ ફેલાય શકે છે.

મોટાભાગના કેન્સરના ઓપરેશનમાં મુખ્યરોગની સાથે સાથે નજીકની લીમ્ફનોડનો સંપૂર્ણ નિકાલ કરવામાં આવે છે. કેટલી લીમ્ફનોડમાં રોગ ગયો છે, તેના આધારે લાંબાગાળાના પરિણામ કેવા આવશે તેનો અંદાજ મેળવી શકાય છે અને તેથી વધારાની સારવાર જેવી કે કીમોથેરાપી તથા રેડીયોથેરાપીની સારવારની સલાહ આપવામાં આવે છે.

## લીમ્ફનોડ કાઢવાથી શું થાય ?

કેન્સરના ઓપરેશનમાં મુખ્ય રોગની સાથે સાથે નજીકની ઘણી લીમ્ફનોડના સમુહને કાઢવામાં આવે છે. આ લીમ્ફનોડ એક સમુહ તરીકે કાઢવો જરૂરી હોય છે.

લીમ્ફનોડના સમુહને કાઢવાથી ઓપરેશનનો વ્યાપ ઘણો વધી જાય છે. આથી દેખાવ બદલાય છે, સોજો આવે છે, ચામડીની સંવેદના જતી રહે છે(સ્પર્શની ખબર ન પડે), સ્નાયુઓ નબળા પડે છે તથા પાણી ભરાય છે. આ ઉપરાંત લોહી વહેવું, ચેપ થવો, રૂઝ બરાબર ન આપવી અને ઘા ની નિશાની રહી જવી જેવી અનેક તકલીફો થાય છે.આમાંથી ઘણી તકલીફ સમય જતા વધે પણ છે.

રોગ લીમ્ફનોડમાં ફેલાયો છે કે નહી તે જાણવું ખૂબ જ જરૂરી હોય છે, દર્દીનું ભવિષ્ય કેવું રહેશે તથા વધારાની સારવારની જરૂર છે કે નહી તે નકકી કરવા આ માહિતી ખૂબ જ જરૂરી છે.

## સેન્ટીનલ લીમ્ફનોડ એટલે શું ?

કેન્સર જયારે લીમ્ફનોડમાં ફેલાય ત્યારે જે લીમ્ફનોડમાં પહેલા ફેલાય તેને સેન્ટીનલ લીમ્ફનોડ કહેવાય છે. એનો અર્થ એવો થાય કે જયારે સેન્ટીનલ લીમ્ફનોડમાં કેન્સર ફેલાયું નથી ત્યારે કેન્સર બીજી કોઈ લીમ્ફનોડમાં/લીમ્ફનોડના સમુહમાં ફેલાયું નથી.

## સેન્ટિનલ લીમ્ફનોડનું ઓપરેશન એટલે શું ?

ખાસ પધ્ધિતથી સેન્ટીનલ લીમ્ફનોડ શોધવામાં આવે છે.આ શોધેલી લીમ્ફનોડ - સેન્ટીનલ લીમ્ફનોડને તાત્કાલિક લેબોરેટરીમાં મોકલવામાં આવે છે. જો આ સેન્ટીનલ લીમ્ફનોડમાં રોગ ન આવે તો બાકીની લીમ્ફનોડ કે લીમ્ફનોડના સમુહને કાઢવાથી કોઈ ફાયદો નહી થાય તેથી તેને કાઢવાની કોઈ જરૂર નથી.

સેન્ટીનલ લીમ્ફનોડમાં કેન્સર ફેલાયેલું જાણવામાં આવે તો રોગના સંપૂર્ણ નિકાલ કરવા માટે આખા લીમ્ફનોડના સમુહને કાઢવો જરૂરી થાય છે.

## સેન્ટીનલ નોડનું ઓપરેશન કયા કેન્સરમાં થઈ શકે ?

સ્તન કેન્સર, મેલાનોમા (ચામડીનું કેન્સર), પુરૂષની ઈન્દ્રિયના કેન્સરમાં સેન્ટીનલ નોડનું ઓપરેશન વિશ્વમાં સ્વીકારાઈ ગયું છે. વિશ્વની બધી જ પ્રખ્યાત હોસ્પિટલમાં આ ઓપરેશન નિયમિત રૂપે થાય છે. આ ઉપરાંત, ગર્ભાશયના મુખનું કેન્સર, મોં ના કેન્સર, ગર્ભાશયના કેન્સર તથા મોટા આંતરડાના કેન્સરમાં તે અગત્યનો ભાગ ભજવી શકે છે.

## બધી લીમ્ફનોડ કાઢવાથી થતી તકલીફો

સોજો આવે છે, સંવેદના જતી રહે છે, સ્નાયુઓ નબળા પડે છે, પાણી ભરાય છે, ચેપ થવાનું જોખમ છે

## સેન્ટીનલ લીમ્ફનોડ ઓપરેશન તાત્કાલીક તપાસ

### સેન્ટીનલ લીમ્ફનોડમાં કેન્સર નથી

બાકીની લીમ્ફનોડ કાઢવાનો કોઈ લાભ નથી. જરૂરી નથી

### સેન્ટીનલ લીમ્ફનોડમાં કેન્સર છે.

રોગ મુકિત માટે બાકીની લીમ્ફનોડ કાઢવી જરૂરી છે

**સૌજન્ય**

**ડૉ. તરંગ એચ. પટેલ**

MS, MAMS, MCh (Onco Surgery)

**કેન્સર અને બ્રેસ્ટ સર્જન**

**(મો) +91 98250 22074**

Volume-5 | Issue-56 | December 25, 2023

CIMS
Cancer Care


# જો કેન્સરનું નિદાન વહેલાસર થાય તો તેની સારવાર શક્ય છે

**પ્રશ્ન: કેન્સર એટલે શું ?**
જવાબ: કેન્સર એટલે કોઇપણ સામાન્ય કોષની અનિયંત્રીત અને અનિયમિત વૃદ્ધિ

**પ્રશ્ન: મનુષ્યના શરીરને કેટલાં પ્રકારના કેન્સર થઈ શકે છે ?**
જવાબ: મનુષ્યના શરીરને અંદાજે ૨૦૦ પ્રકારના કેન્સર થઈ શકે છે.

**પ્રશ્ન: કેન્સર થવાની શક્યતા કોને હોય છે ?**
જવાબ: નવજાત બાળકથી લઈને વયોવૃદ્ધ વ્યક્તિ અને પુરુષ કે સ્ત્રી કોઈ પણને કેન્સર થઈ શકે છે.

**પ્રશ્ન: કેન્સર થવાનું જોખમ કોને વધારે હોય છે ?**
જવાબ: સામાન્ય રીતે પ્રવર્તમાન સંજોગોમાં ધુમ્રપાન કરતા, તમાકુનું સેવન કરતા અને શરાબનું પાન કરતા લોકોને આવું વ્યસન ન ધરાવતી વ્યક્તિઓ કરતા કેન્સર થવાનું જોખમ વધારે હોય છે.



- મોં અને ગળાના કેન્સર, અન્નનળીનું કેન્સર, યકૃતનું કેન્સર વગેરે આ કેટેગરીમાં આવે છે.
- કેન્સર થવામાં કેટલાંક જનીન પરિબળો પણ ભૂમિકા ભજવે છે.
- કેટલાંક કિસ્સાઓમાં કેન્સર થવા માટે વારસાગત પરિબળો પણ જવાબદાર હોય છે. સ્તન અને આંતરડાના કેન્સર આ કેટેગરીમાં આવે છે.
- કેટલાંક રસાયણો કેન્સર માટે જવાબદાર હોય છે, જેથી આ પ્રકારના સંસર્ગમાં આવતા રસાયણો કેન્સર વિકસાવી શકે છે.

**પ્રશ્ન: આપણે કેન્સરનું નિદાન કેવી રીતે કરી શકીએ ?**
જવાબ: સૌથી મહત્ત્વપૂર્ણ બાબત સ્વાસ્થ્યની નિયમિત ચકાસણી કરાવવાનો છે, જેથી સામાન્ય વ્યક્તિને પ્રાથમિક તબક્કામાં જ કેન્સરનું નિદાન થઈ શકે છે.

- લોહીના કેટલાંક પરીક્ષણો કેન્સરનું નિદાન કરે છે ઉદાહરણ તરીકે પ્રોસ્ટેટ કેન્સર, અંડાશયનું કેન્સર, ગુદામાર્ગ (મોટા આંતરડાના નીચેના ભાગ)નું કેન્સર, યકૃત્ત, પિત્તાશય અને સ્વાદુપિંડનું કેન્સર વગેરે
- રેડિયોલોજિકલ તપાસ જેવી કે મેમ્મોગ્રાફી, સીટી સ્કેન, એમઆરઆઈ કેન્સરનું નિદાન કરવામાંઉપયોગી છે.
- શંકાસ્પદ અલ્સર (ચાંદુ) કે ટ્યુમર (ગાંઠ)ની બાયોપ્સી એ કેન્સરનું આખરી નિદાન છે. બાયોપ્સી નિષ્ણાત ઓન્કલોજિસ્ટ પાસે કરાવવી જોઈએ અને નિદાન આ પ્રકારનું કામ નિયમિતપણે કરતા નિષ્ણાત હિસ્ટોપેથોલોજિસ્ટ પાસે કરાવવું જોઈએ.

**પ્રશ્ન: કેન્સરના કેટલાં તબક્કા છે ?**
જવાબ: સામાન્ય રીતે કેન્સરના ચાર તબક્કા હોય છે. પ્રથમ તબક્કો અતિ પ્રાથમિક તબક્કો છે અને ચોથો તબક્કો અતિ આગળ વધેલ કેન્સર છે.

**પ્રશ્ન: કેન્સર માટે સારવારના કયા વિકલ્પો ઉપલબ્ધ છે ?**
જવાબ: સામાન્ય રીતે રોગના પ્રકાર અને તબક્કા પ્રમાણે સર્જરી, કિમોથેરપી, રેડિયોથેરપી અને હોર્મોનલ થેરપી ઉપલબ્ધ છે.

- બાયોપ્સી પછી જો કેન્સર હોવાની પુષ્ટિ થાય તો સર્જરી કરાવવી પડે છે.
- ઘણા કેન્સરમાં સર્જરી પછી કિમોથેરપી જરૂરી છે અને કેટલીક વખત સર્જરી અગાઉ સર્જરી કરી શકાય તે માટે રોગની તીવ્રતા ઘટાડવા કેમોથેરપી આપવામાં આવે છે.
- થોડા પ્રકારના કેન્સર માટે કેમોથેરપી રોગનિવારક અને એકમાત્ર ઉપલબ્ધ વિકલ્પ છે.
- રેડિયોથેરપી સારવારનો અન્ય એક વિકલ્પ છે, જેમાં સર્જરી અગાઉ કે પછી કે કેટલીક વખત ઉપશામક તબક્કામાં સહાયક દવા તરીકે રેડિયોથેરપી આપવામાં આવે છે.
- સર્જરી પછી કે કિમોથેરપી સારવાર પૂર્ણ થયા પછી આંતરસ્ત્રાવીય (હોર્મોન્સ) સારવાર આંતરસ્ત્રાવીય સંવેદનશીલ ગાંઠને આપવામાં આવે છે.
- થોડા પ્રકારના કેન્સર માટે જનીન સારવાર માટે સંશોધન ચાલુ છે.

**પ્રશ્ન: સામાન્ય લોકો માટે શું સંદેશ છે ?**
જવાબ: જો કેન્સરનું નિદાન પ્રાથમિક તબક્કામાં થઈ જાય અને નિષ્ણાત ઓન્કોલોજિસ્ટ દ્વારા યોગ્ય રીતે સારવાર થાય તો તેનો ઉપચાર થઈ શકે છે અને કેન્સર સંપુર્ણ મટી શકે છે.

- તમાકુ, સોપારી, ધુમ્રપાન અને શરાબનું સેવન ટાળો
- નિષ્ણાત ડૉક્ટર્સ પાસે સ્વાસ્થ્યની નિયમિત ચકાસણી કરાવો.
- નિયમિત અને સ્વસ્થ ભોજનની ટેવ પાડો.
- જો કેન્સરનું નિદાન થાય તો ગભરાયા વિના કુશળ ડૉક્ટરની સલાહ પ્રમાણે શક્ય તેટલી વહેલી તકે સારવાર શરૂ કરાવો અને તેને પૂર્ણ કરાવો. ઉંટવૈદ્યોથી બચો

**તમને સુખી અને સ્વસ્થ જીવનની શુભેચ્છા.**

**સૌજન્ય**

**ડૉ. અશોક પટેલ**
**કેન્સરના રોગોના નિષ્ણાંત**
MS - Cancer Surgeon
(મો) +૯૧-૯૮૨૫૦ ૨૦૫૪૪
Email: drashoknita@yahoo.com

CIMS
Cancer Care

Volume-5 | Issue-56 | December 25, 2023

# પ્રોસ્ટેટ અને તેનું કેન્સર



**૧. પ્રોસ્ટેટ એટલે શું ?**

પ્રોસ્ટેટ એ પુરૂષના પ્રજનનતંત્રમાં આવેલી ગ્રંથિ છે. તે મુત્રાશયની નીચેના ભાગમાં હોય છે. આશરે ૮૦ ટકા સીમેન વોલ્યુમ તેમાંથી નીકળે છે. પેશાબની નળી તેની વચ્ચો - વચ થી નીકળે છે.

**૨. પ્રોસ્ટેટ વધવાના કારણો કયા છે ?**

- સાદી ગાંઠ બીનાઇન એન્લાર્જમેન્ટ **(BEP)** ઓફ પ્રોસ્ટેટ
- કેન્સરની ગાંઠ **(Ca Prostate)**

**૩. પ્રોસ્ટેટ વધવાથી (BEP or Ca Prostate) શું તકલીફ થાય?**

- પેશાબમાં જોર કરવું પડે
- પેશાબની ધાર નબળી થવી
- પેશાબની ધાર અટકી અટકીને આવવી
- પેશાબ કર્યા પછી પણ મૂત્રાશયમાં પેશાબ થઇ ગયો હોય તેમ લાગવું
- રાત્રે વારે - વારે પેશાબ કરવા જવુ પડે
- કેટલાક દર્દીમાં પેશાબ સંપૂર્ણ અટકી જાય તો કેટલાક દર્દીમાં વારંવાર ઇન્ફેક્શન લાગે.

**૪. પ્રોસ્ટેટ કેન્સરના લક્ષણો શું હોય છે ?**

શરૂઆતના તબક્કમાં સાદી ગાંઠ જેવા જ ચિહ્નો હોય છે, જ્યારેકેન્સર શરીરમાં ફેલાય ત્યારે હાડકાનો દુઃખાવો (કમરનો દુઃખાવો), પગમાં સોજા થાય છે, પેશાબમાં ખૂન નીકળી શકે છે.

**૫. પ્રોસ્ટેટ કેન્સરનું નિદાન કેવી રીતે થાય છે ?**

જો પેશાબમાં તકલીફ પડતી હોય તો ડોકટર દ્વારા પ્રોસ્ટેટની તપાસ **(DRE)** તથા **PSA (Prostate Specific Antigen)** નો લોહીનો ટેસ્ટ અત્યંત જરૂરી છે. જો આ તપાસમાં ખામી જણાય તો તેની **MRI**, બાયોપ્સી દ્વારા ચોક્કસ નિદાન થાય છે.

**૬. પ્રોસ્ટેટ કેન્સરના સ્ટેજ કયા છે ?**

- પ્રથમ અને બીજા તબક્કામાં કેન્સર પ્રોસ્ટેટની અંદર જ હોય છે.
- ત્રીજા તબક્કામાં કેન્સર પ્રોસ્ટેટની આજુબાજુના અવયવો **(Seminal Vesical)** માં ફેલાય છે.
- ચોથા તબક્કામાં કેન્સર હાડકા તથા બીજા અવયવો (લીવર, ફેફસા)માં ફેલાય છે.

**૭. પ્રોસ્ટેટ કેન્સરનું સ્ટેજીંગ (તબક્કા) કઇ રીતે નક્કી થાય છે.**

તે માટે નિદાન થયા બાદ **MRI, Bone Scan** અને **PSMA PET** તપાસ કરવી પડે છે.

**સારવાર**

**પ્રથમ અને બીજો તબક્કો** (First & Second Stage):

- ઓપરેશન દ્વારા કેન્સરનો સંપૂર્ણ નિકાલ **(Radical Prostatectomy)** અથવા જો ઓપરેશન માટે દર્દીની પરિસ્થિતિ યોગ્ય ન જણાય તો રેડિયેશન (શેક) થેરાપી

**ત્રીજો તબક્કો** (Third Stage) :

- સામાન્ય રીતે શેક તથા હોર્મોનના ઇન્જેક્શન કેટલાક કિસ્સામાં ઓપરેશન પણ કરી શકાય છે.

**ચોથો તબક્કો** (Fourth Stage):


હોર્મોન થેરાપી/ કિમોથેરાપી બંને શુક્રપિંડ કાઢવાનું ઓપરેશન **(B/L Orchidectomy)** દરેક તબક્કામાં શુક્રપિંડ કાઢવાની જરૂર નથી

પ્રોસ્ટેટ કેન્સરના ઓપરેશન **(Radical Prostatectomy)** પછી પેશાબનો સંપૂર્ણ કંટ્રોલ જતો રહે ?


ના ઓપરેશન પછી માત્ર કેટલાક દર્દીના આંશિક કંટ્રોલ જાય છે જે ૪-૬ મહિનામાં પાછા આવી જાય છે.

**શું તબક્કા જાણ્યા વગર** B/L Orchidectomy **કરાવાય?**

ના. તેના દ્વારા હૃદયરોગથી મૃત્યુ થવાની સંભાવના પણ વધે છે. જો એક થી ત્રણ તબક્કામાં જ તમારૂ કેન્સર આવે તો **B/L Orchidectomy** ની જરૂર નથી.




**સૌજન્ય**



**ડૉ. સ્વાતિ નાયક**
MBBS, MS, DNB (Gen. Surgery)
MCh. (Urology), FRCS (Urology)
**કન્સલ્ટન્ટ યુરોલિસ્ટ**
**(મો) +91 86068 89141**

Volume-5 | Issue-56 | December 25, 2023



# Cancer & Nutrition



We all know what is a healthy balanced diet (At least we think we do). Most nutrition guidelines recommend lots of green leafy vegetables, fruits and whole grains along with limiting the intake of processed foods, sugar, alcohol, tobacco salt and maintaining an age- height appropriate weight.

But when you are suffering from cancer, these guidelines can be difficult to follow as you need to fight the disease itself as well as the Stress of treatment.

Nutrition is one of the most important aspect of cancer treatment, because healthy body tolerates the treatment better and recovers fast!! Isn't it logical?

Almost always, a change in diet is essential to help build up the strength and withstand the effects of cancer and its treatment. Now, who likes a sudden major change in their lifestyle? This is the reason why majority of cancer patients find it difficult to follow the "cancer nutrition guidelines".

When you are diagnosed with cancer, your oncologist will talk about the treatment plan. which may include surgery, radiation therapy, chemotherapy, hormonal therapy or combination of treatments. All these treatments, essentially target the cancer cells, but our healthy cells bear the brunt as well. This damage to the normal cells, is what causes side effects.

Approach to nutrition differs in cancer patients, as compared to general population. For instance, cancer patients need high fat, high calorie food to maintain their weight because Basal Metabolic Rate (BMR) increases significantly in all cancer patients along with increase in requirements of calorie, fat & protein by 1.5 to 2 times as compared to that of a healthy individual. Some patients need soft and cold foods like ice-cream or milk shakes as they are unable to eat solids due to oral ulcers.

**Some common side effects that can affect nutrition are:**

- Loss of appetite
- Oral ulcers
- Dry mouth
- Change in taste or smell
- Nausea
- Vomiting
- Loose stool
- Constipation
- Fatigue (Feeling tired all the time)

Not all patients suffer from these side effects. These are dependent on multiple factors like the type of cancer, stage of cancer, part of body affected, general health of patient and type, dose & length of treatment. Most side effects can be managed by medicines, lifestyle change and positive attitude. They even reduce over time once the treatment is completed. Discussions with your oncologist or cancer team will make it easy to deal with it.

For more information feel free to contact us.

**સૌજન્ય**



**ડૉ. મલ્હાર પટેલ**
MBBS, DNB
**રેડિયેશન કેન્સરના નિષ્ણાંત**
**(મો) +91 95376 64757**

cims.org

Marengo CIMS
Hospital

# સ્તન કેન્સર સ્ક્રિનીંગ

**સ્તન કેન્સર સ્ક્રિનીંગ દ્વારા**
**કેન્સરને વધતા અટકાવો**

## વિશેષ સ્તન કેન્સર સ્ક્રિનીંગ પેકેજ

- સ્તન કેન્સર નિષ્ણાતની સલાહ
- મેમોગ્રાફી અને સ્તનની સોનોગ્રાફી

**₹999/-***

૩૧ જાન્યુઆરી, ૨૦૨૪ સુધી

## સ્તન કેન્સર વિશેષજ્ઞ ટીમ

| સ્તન કેન્સર સર્જનો | મેડિકલ ઓન્કોલોજિસ્ટ | રેડિયેશન ઓન્કોલોજિસ્ટ્સ |
|---|---|---|
| ડૉ તરંગ પટેલ<br>ડૉ અનઘા ઝોપે | ડૉ ભાવેશ પારેખ | ડૉ મલ્હાર પટેલ<br>ડૉ પ્રાપ્તિ દેસાઈ પટેલ |

## શા માટે મૈરિંગો સિમ્સ હોસ્પિટલ જ?

- શ્રેષ્ઠ અને અનુભવી ડોકટરો
- વ્યક્તિગત સંભાળ
- કેશલેસ ઇન્સ્યોરન્સ અને TPA મંજૂર પેકેજો
- કોર્પોરેટ અને PSUs ટાઈ-અપ્સ
- 25% ડિસ્કાઉન્ટ એડવાન્સ પેથોલોજી અને રેડિયોલોજી
- અદ્યતન ડાયગ્નોસ્ટિક્સ અને આધુનિક ટેકનોલોજી
- 24x7 ઈમરજન્સી ટ્રોમા સેન્ટર
- 10% ડિસ્કાઉન્ટ 24x7 ફાર્મસી પર
- 24x7 બ્લડ બેંક

**વધુ માહિતી માટે સંપર્ક કરો : માલવ પરમાર +91-82380 95712**

✆ 1800-309-9999
પહેલેથી એપોઇન્ટમેન્ટ લેવી આવશ્યક છે*

9:00 AM to 11:00 AM
3:00 PM to 6:00 PM

*T & C Apply

MARENGO CIMS HOSPITAL
Off. Science City Road, Sola, Ahmedabad - 380060
Email: marengocims.info@marengoasia.com

JCI (USA)   NABH

cims.org

Marengo CIMS Hospital



# ઓરલ કેન્સર ડિટેક્શન કેમ્પ

## ખાસ ઓરલ કેન્સર સ્ક્રીનીંગ પેકેજ

- ઓન્કોલોજિસ્ટ એક્સપર્ટ કન્સલ્ટેશન
- ડેન્ટલ કન્સલ્ટેશન
- ગળા ની સોનોગ્રાફી

**₹ 1499/-***

૩૧ જાન્યુઆરી, ૨૦૨૪ સુધી

## શા માટે મૈરિંગો સિમ્સ હોસ્પિટલ જ?

- શ્રેષ્ઠ અને અનુભવી ડોકટરો
- વ્યક્તિગત સંભાળ
- કેશલેસ ઇન્સ્યોરન્સ અને TPA માન્ય પેકેજ
- કોર્પોરેટ અને PSUs ટાઈ-અપ્સ
- 25% ડિસ્કાઉન્ટ એડવાન્સ પેથોલોજી અને રેડિયોલોજી
- અદ્યતન ડાયગ્નોસ્ટિક્સ અને આધુનિક ટેકનોલોજી
- 24x7 ઈમરજન્સી ટ્રોમા સેન્ટર
- 10% ડિસ્કાઉન્ટ 24x7 ફાર્મસી પર
- 24x7 બ્લડ બેંક

## ઓરલ કેન્સર અને ડેન્ટલ એક્સપર્ટ ટીમ

**હેડ એન્ડ નેક ઓન્કો સર્જન**

ડૉ અશોક પટેલ | ડૉ દર્શન ભણશાલી

ડૉ નટુ પટેલ | ડૉ જયેશ પટેલ

**મેડિકલ ઓન્કાલોજિસ્ટ**

ડૉ ભાવેશ પારેખ

**ડેન્ટિસ્ટ્રી**

ડૉ પરવીન ચંદારાણા

ડૉ ચાંદની પટેલ

**રેડિયેશન ઓન્કાલોજિસ્ટ્સ**

ડૉ મલ્હાર પટેલ

ડૉ મૌલિક ભેંસદડિયા

ડૉ પ્રાપ્તિ પટેલ દેસાઈ

**વધુ માહિતી માટે સંપર્ક કરો : માલવ પરમાર +91-82380 95712**

✆ 1800-309-9999

પહેલેથી એપોઇન્ટમેન્ટ લેવી આવશ્યક છે*

9:00 AM to 11:00 AM

3:00 PM to 6:00 PM

*T & C Apply

**MARENGO CIMS HOSPITAL**

Off. Science City Road, Sola, Ahmedabad - 380060

Email: marengocims.info@marengoasia.com

JCI (USA) NABH

CIMS
Cancer Care

Volume-5 | Issue-56 | December 25, 2023

**CIMS Cancer Care Registered under RNI No. GUJBIL/2017/75574**
**Published on 25th of every month**
**Permitted to post at PSO, Ahmedabad-380002 on the 26th to 30th of every month under**
**Postal Registration No. AHD-C/100/2023-2025 issued by SSP Ahmedabad valid upto 31st December, 2025**

**If Undelivered Please Return to :**

CIMS Hospital, Nr. Shukan Mall,

Off Science City Road, Sola, Ahmedabad-380060.

Call : 1800 309 9999

**Subscribe "CIMS Cancer Care" :** Get your "CIMS Cancer Care", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-4805 2823. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription

## લોકોમાં હેલ્થ વિશેની જાગૃતતા લાવવા માટે મૈરિંગો સિમ્સ હોસ્પિટલ દ્વારા નિ:શુલ્ક મેડીકલ કેમ્પ તથા હેલ્થ એવરેનેશ સેમીનાર કરવામાં આવે છે. જેમાં વિશેષજ્ઞ ડૉક્ટર દ્વારા તપાસ કરવામાં આવે છે.



**શું તમે તમારી સોસાયટી કે શહેરમાં**
**નિ:શુલ્ક કેમ્પ કે હેલ્થ એવરેનેશ સેમીનાર કરવા માંગો છો ?**
**ફોન કરો કેતન આચાર્ય +91 98251 08257**

Printed and Published by **DEVANG C. BHAVSAR** on behalf of **CIMS HOSPITAL PRIVATE LIMITED** and Printed at Hi-Scan Private Limited, 304, G.I.D.C. Estate, Sarkhej-Bavla Highway, Village - Changodar (Taluka – Sanand, Dist - Ahmedabad) and published from CIMS HOSPITAL PRIVATE LIMITED, Near Shukan Mall, Off Science City Road, Sola, AHMEDABAD - 380060. Editor - **DEVANG C. BHAVSAR.**